# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૮ તા.૧૯-૧૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સ્વચ્છ ભારત મિશન-સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અંતર્ગત વિવિધ જનજાગૃતિની કામગીરી કરવા બાબત.

સંદર્ભ :- SWM Dept & Swachh Bharat Mission અ.મ્યુ.કો.પરિપત્ર નં. ૬૬ તા.૧૮-૧૧-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સ્વચ્છ ભારત મિશન-સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અંતર્ગત મુખ્ય શિક્ષકો દ્વારા શિક્ષકો અને વર્ગ શિક્ષકો દ્વારા તમામ વિદ્યાર્થીઓ સુધી વિદ્યાર્થીઓ દ્વારા વાલીઓ સુધી સ્વચ્છતા અંગે નાગરિકોની મહત્તમ ભાગીદારી મેળવવા જનજાગૃતિ ફેલાવવાનો સંદેશો પહોંચાડવાનાં પ્રયાસો હાથ ધરવા જણાવવામાં આવે છે.

વિશેષમાં નાગરિકોમાં આ અંગેની જાગૃતિ ફેલાય તે અર્થે શાળાઓમાં વાલીઓની હાજરીમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું શાળાકક્ષાએ આયોજન કરવું. બીટકક્ષા, ઝોનકક્ષા તેમજ શહેરકક્ષાની સ્પર્ધાનું આયોજન હવે પછી જણાવવામાં આવશે. આ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જાહેર સ્થળો પર આ સ્વચ્છતા અંગેની સમજ આપતા રેલી અને અન્ય જાગૃતિ ફેલાવતા કાર્યક્રમો યોજવા જણાવવામાં આવે છે.

<u>સ્પર્ધાના વિષયો :</u>

- મારૂ શહેર સ્વચ્છ શહેર,
- સ્વચ્છ જળ નિરોગી જીવન
- મારી શાળા સ્વચ્છ શાળા
- પ્લાસ્ટિક મુકત ભારત
- પર્યાવરણના સંરક્ષણ માટે મારો ફાળો

વધુમાં મ્યુનિ. સ્કૂલ બોર્ડના તમામ અધિકારી, કર્મચારી,મુખ્ય શિક્ષક તેમજ શિક્ષકોએ ઘેર-ઘેર જઈને

૧. કચરાને સૂકા-ભીના મુજબ અલગ-અલગ કરવા- સેગ્રીગેશન વિષે સમજ આપવી.
૨. નાગરિકોને ઓનલાઈન સ્વચ્છતાની પ્રતિજ્ઞા (અ.મ્યુ.કો.ની વેબસાઈટ પરની ઈ-સંકલ્પ) લેવડાવવી.
૩. નાગરિકોને સ્વચ્છ સર્વેક્ષણ અંગે જાણકારી આપવી અને હકારાત્મક પ્રતિભાવો આપવા અંગે ઉત્સાહિત કરવા.

સદર કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ,શિક્ષકોની સંખ્યા તથા ફોટોગ્રાફ સાથેનો અહેવાલ મદદનીશ શાસનાધિકારીને મોકલવાનો રહેશે અને મદદનીશ શાસનાધિકારીએ આ અહેવાલનું સંકલન કરી મુખ્ય ઓફિસે મોકલી આપવા જણાવવામાં આવે છે.

તા.૧૯-૧૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી